# વિજયનગર, ખેડબ્રહ્મા અને વડાલી પંથકમાં વરસાદ

હિંમતનગર, તા.૧૭

સાબરકાંઠા જિલ્લામાં અસહ્ય ઉકળાટ બાદ બે દિવસથી મેઘરાજાએ આગમન કરતા ગરમીમાં ઘટાડો થઈ રહ્યો છે. દરમિયાન બુધવારે બપોર બાદ વિજયનગર, ખેડબ્રહ્મા અને વડાલી પંથકમાં પવન સાથે વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

બુધવારે સવારથી જ વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯૦ ટકાથી વધુ રહેતા જિલ્લાવાસીઓએ અસહ્ય ઉકળાટ અનુભવ્યો હતો. બપોર બાદ વિજયનગર તાલુકાના કાલવણ અને આસપાસના વિસ્તારોમાં અડધા ઈંચથી વધુ વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

બીજી તરફ વડાલી તાલુકાના પૂર્વ વિસ્તારમાં આવેલ મેઘ, રતનપુર સહિતના અન્ય સ્થળે બુધવારે સાંજના સુમારે અડધા ઈંચથી વધુ વરસાદ થતાં કપાસના પાકને રાહત થશે. જોકે વડાલી તાલુકાના પૂર્વ વિસ્તારોમાં નહિવત વરસાદ પડયો હતો.

તેજ પ્રમાણે ખેડબ્રહ્મા અને આસપાસના વિસ્તારોમાં પણ બુધવારે સાંજના સુમારે અચાનક ગાજવીજ સાથે વરસાદ શરૂ થતાં રોડ પર પાણી વહેવા માંડયુ હતું. વડાલી, ખેડબ્રહ્મા અને વિજયનગર પંથકમાં વાવણીલાયક વરસાદ થયો હોવાને કારણે આ વિસ્તારના ખેડૂતો આગામી દિવસોમાં ચોમાસુ પાકનું વાવેતર કરશે.

ઉલ્લેખનીય છે કે મંગળવારે સાંજના સુમારે હિંમતનગર અને આસપાસના વિસ્તારોમાં પડેલા વરસાદના કારણે ખેડૂતો આનંદથી ઝૂમી ઉઠયા છે. પરંતુ પ્રાંતિજ, તલોદ તાલુકામાં વરસાદ ન થવાને કારણે ખેડૂતોમાં નિરાશા પ્રસરી છે.

## ચિતરીયામાં ઘરમાં સંતાડેલ બિયરનો જથ્થો પકડાયો

હિંમતનગર, તા.૧૭

વિજયનગર તાલુકાના ચિતરીયા ગામે મંગળવારે ઘરમાં ગેરકાયદેસર રીતે સંતાડી રાખેલી રૂા.૧૨૦૦ નો બિયરનો જથ્થો પોલીસે રેડ કરી જપ્ત કર્યો હતો. જોકે પોલીસને જોઇ ઘર માલિક નાસી ગયો હતો. જેની વિરૂધ્ધ વિજયનગર પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. ચિઠોડા પોલીસ મથકના પી.એસ.ઓ. રમણભાઈના જણાવ્યા અનુસાર બાતમી આધારે ચિઠોડા પોલીસ મથકના એ.એસ.આઇ. રાજેન્દ્રસિંહે મંગળવારે સાંજે ચિતરીયા ગામના ઘોઘરા વિરેન્દ્ર હરિભાઇના ઘરમાં બિયરની પેટી રાખી મુકી હોવાની ખબર પડતા રેડ કરી હતી. જેમાં પાસ પરમીટ વિનાની બિયરની પેટી રૂા.૧૨૦૦ની જપ્ત કરી મકાન માલિક વિરેન્દ્ર હરિભાઇ ઘોઘરા વિરૂધ્ધ ચિઠોડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## વડાવલ નજીક ૨૦૦૬ની લૂંટનો નાસતો આરોપી ઝડપાયો


તસ્વીર- ધનેશ પરમાર- ડીસા

ડીસા, તા.૧૭

કાયદાના હાથ લાંબા હોય છે તે ઉક્તિ સાર્થક કરી બનાસકાંઠા ના પેરોલ ફ્લો સ્કોડ ની ટીમે વર્ષ ૨૦૦૬ માં ચપ્પુની અણીએ લુંટ કરી નાસ્તો ફરતો આરોપી ઝડપી પાડ્યો છે.પોલીસ હાથે ઝડપાયેલ આરોપી લુંટ નો ગુનો આચરી મધ્યપ્રદેશમાં ભાગી છૂટ્યો હતો.જોકે પોલીસે તેને બાતમી આધારે ઝડપી જેલ હવાલે કરેલ છે

આ ધટના ની પોલીસ દફતરે થી મળતી વિગતો જોઈએ તો ડીસા તાલુકા ના વડાવલ ગામ નજીક વર્ષ ૨૦૦૬ માં કિશોરભાઈ ઈશ્વરલાલ ઠક્કર ને આંતરી ચાર ઇસમો એ ચપ્પુની અણીએ ધમકાવ્યા હતા.અને તેમની પાસેથી રોકડ રૂપિયા ૫૦,૨૫૦ ની લુંટ ચલાવી હતી.જેમાં ડીસા તાલુકા પોલીસે ફરિયાદ આધારે ચાર ઈસમો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો, જેમાં ત્રણ આરોપી ઝડપી ગયા હતા જોકે છેલ્લા ૯ વર્ષથી આ લુંટ કેશનો ચોથો આરોપી નાનજી ઉર્ફે નાનીયો ધર્મેશભાઈ બારોટ રહેનાદરી તાલુકો કલોલ પોલીસ પકડ થી નાસ્તો ફરતો હતો, અને ગુજરાત છોડી મધ્યપ્રદેશમાં સ્થાઈ થઈ છુપાઈ ગયો હતો.જોકે તેને ઝડપી પાડવા બનાસકાંઠા પેરોલ ફ્લો સ્કોડ પોલીસ સક્રિય બની હતી, અને પોલીસ ને બાતમી મળેલ કે આ આરોપી તેના સગાના મૃત્યુ બાદના બેસણા પ્રસંગે કલોલ નજીકના નાદરી ગામે આવવાનો છે, જે બાતમી આધારે પેરોલ ફ્લો સ્કોડપી.એસ.આઈ વી.આર.ચાવડા ,હેડ કોન્સ્ટેબલ ગોવિંદભાઈ ,દિનેશભાઈ મહેશભાઈ ની પોલીસ ટીમે વોચ રાખી આ ખૂંખાર આરોપી ને ઝડપી પાડી ડીસા તાલુકા પોલીસ હવાલે કરેલ છે.

## કાંણિયોલ ગામે વીજળીના કડાકાથી પ્રાથમિક શાળાને નુકસાન

હિંમતનગર, તા.૧૭

હિંમતનગર તાલુકાના કાંણિયોલ ગામે મંગળવારે રાત્ર ગાજવીજ સાથે થયેલા વરસાદના કારણે પ્રાથમિક શાળાના સ્ટાફરૂમની તાસીર બદલાઈ જતા ગ્રામજનો અચંબામાં મુકાઇ ગયા હતા.

આ અંગે ગ્રામજનોના કહેવા મુજબ મંગળવારે રાત્રે ગાજવીજ સાથે પડેલા વરસાદના કારણે પ્રાથમિક શાળાના સ્ટાફરૂમના પંખા, પડદા, ટેબલ, ખુરશીઓ સહિત અન્ય ચીજવસ્તુઓ પર કાળા કલરની રજકણો પથરાઇ ગઇ હતી. જોકે વીજળી પડે તો દિવાલોને પણ નુકશાન થવુ જોઇએ. પરંતુ તેમ થયુ નથી. છતાં ગ્રામજનો એવું અનુમાન કરી રહ્યા છે કે વીજળીના કડાકાના કારણે ઉપકરણો બળી ગયા હોય તો નવાઇ નહિ.

પ્રાથમિક શાળાને થયેલા નુકશાન અંગે તલાટી નિતીનભાઇ પંડયાએ ગામના અગ્રણી બાબુભાઇ પટેલ, દિનેશભાઇ પટેલ, સરપંચ મીતાબેન જોષી અને મુકેશભાઇ પટેલને સાથે રાખી પંચનામુ કર્યુ હતું.

## વિરપુરની મહિલાને ત્રાસ આપતા ચાર સાસરીયા વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૧૭

હિંમતનગર તાલુકાના વિરપુર ગામની એક મહિલાને ચાર સાસરીયા દ્વારા અવારનવાર ત્રાસ અપાતા આ મહિલાએ સોમવારે ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની વિગત એવી છે કે વિરપુર ગામના ટીનાબેન રમેશભાઈ દેવીપૂજકને લગ્ન બાદ પુત્ર ન અવતરતા તેમના પતિ રમેશભાઈ શંકરભાઈ દેવીપૂજક દ્વારા અવારનવાર મારઝૂડ કરી ત્રાસ આપવામાં આવતો હતો. જેમાં શકરાભાઈ બનાભાઈ દેવીપૂજક, શારદાબેન શકરાભાઈ દેવીપૂજક અને અંબાલાલ શકરાભાઈ દેવીપૂજક દ્વારા મદદગારી કરાતી હતી. જેથી કંટાળીને ટીનાબેને સોમવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.



## પાલનપુર માર્કેટયાર્ડમાં ઉનાળુ મગફળીની આવક શરૂ

પાલનપુર માર્કેટયાર્ડમાં ઉનાળુ મગફળીની આવક શરૂ થઈ ગઈ છે. જેમાં ગઈ સાલની સરખામણીમાં સિઝનના પ્રારંભે મગફળીનો ઊંચો ભાવ મળતાં ખેડૂતોમાં આનંદ પ્રસરી ગયો છે. ગત વર્ષે સમગ્ર સીઝનમાં વધુમાં વધુ રૂ. ૮૦૦ આસપાસનો ભાવ હતો. જે ભાવ આ વખતે શરૂઆતમાં રૂ. ૧૨૦૦ રહ્યો છે. સોમવારે મગફળીની ૨૭૩૧ બોરી આવક હતી અને ખુલતી બજારે મણના ૧૦૨૫ થી ૧૨૦૭ ભાવ બોલાયો છે. આમ ગઈ સાલ કરતા ૪૦૦ જેટલો ભાવ વધારે મળતાં ખેડૂતોમાં આનંદ જોવા મળી રહ્યો છે. આ અંગે ખેડૂતે જણાવ્યું હતું કે ગઈ સાલ કરતાં આ વર્ષે મગફળીના ભાવ એકંદરે સારા છે. આમ જો ચાલુ સાલે મગફળીનું ઉત્પાદન સારૂ મળે તો પોષાય તેમ છે. મગફળીના ૧૦૫૦ થી ૧૨૦૦ ના ભાવ ઉંચામાં ઉંચા છે. હવે આનાથી વધારે ભાવ વધવાની શક્યતા જણાતી નથી. પાલનપુર માર્કેટયાર્ડમાં ઉનાળુ મગફળીની આવક શરૂ થઈ છે અને મણના ૧૨૦૦ આસપાસના ભાવ મરતાં ખેડૂતોમાં આનંદ જોવા મળી રહ્યો છે.

## દેરોલ પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માત : બાઈક ચાલકનું મોત

હિંમતનગર, તા.૧૭

હિંમતનગર તાલુકાના દેરોલ પાસે બુધવારે બપોરના સુમારે કાર અને બાઈક વચ્ચે અકસ્માત થતાં હિંમતનગરના બાઈક સવારનું ગંભીર ઈજાના કારણે મોત નિપજયુ હતું. જે અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. હિંમતનગરના વિરાટનગરમાં રહેતા કનુભાઈ અમૃતભાઈ સુથાર (ઉ.વ.૫૪) બુધવારે બપોરે બાઈક નં.જીજે.૯.સીસી.૪૧૬૬ લઈને વિજાપુરથી હિંમતનગર આવી રહ્યા હતા. દરમિયાન દેરોલ પાસેથી તેઓ પસાર થતા હતા ત્યારે કાર નં.જીજે.૯.એજી.૯૪૨૭ના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી કનુભાઈ સુથારના બાઈકને ટક્કર મારી હતી. જેથી તેઓ જમીન પર પટકાયા હતા. જયાં માથામાં ગંભીર ઈજા થતાં તેમનું ઘટના સ્થળે જ મોત નિપજયુ હતું. અકસ્માતની ઘટના અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસે કાર ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## બળાત્કારનો આજીવન સજા ભોગવતો નાસતો ફરતો આરોપી ઝડપાયો

હિંમતનગર, તા.૧૭

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકા ના ધોળિયા ગામે ૧૩ વર્ષ પહેલા ગામના પરિણીત યુવકે ગામની સગીરા સાથે દુષ્કર્મ કરેલ જે આરોપીને આજીવન સજા થઈ હતી જે પેરોલ પર જેલમાંથી છુટ્યા બાદ સાડા ત્રણ વર્ષ થી નાસતો ફરતો હતો જેને સાબરકાંઠા લોકલ ક્રાઈમ બ્રાંચે બુધવારે વહેલી સવારે આરોપીને ઝડપી લઈ અમદાવાદ મધ્યસ્થ જેલમાં મોકલી આપ્યો હતો.

વર્ષ ૨૦૦૨માં ધોળિયા ગામે રહેતા પરિણીત રમેશભાઈ ડચુભાઈ ખરાડીએ ગામની સગીરા સાથે દુષ્કર્મ કર્યું હતું જે અંગે વડાલી પોલીસ મથકે ફરિયાદ નોધાતા પોલીસે રમેશ ખરાડીને ઝડપી લઇ જેલ હવાલે કરેલ જેનો કેસ ચાલી જતા રમેશ ખરાડી ને આજીવન કેદ ની સજા ફટકારી હતી.જે અમદાવાદ મધ્યસ્થ જેલમાં હતો અને ૨૩ જાન્યુઆરી ૨૦૧૨ ના રોજ પેરોલ પર ૧૫ દિવસ માટે છુટ્યો હતો જે સમય પૂર્ણ થતા હાજર થયો ન હતો અને સાડા ત્રણ વર્ષ થી નાસતો ફરતો હતો રમેશ ખરાડી જેને બુધવારે વહેલી સવારે લોકલ ક્રાઈમ બ્રાંચે તેના ઘરે થી ઝડપી લઈ અમદાવાદ મધ્યસ્થ જેલમાં મોકલી આપ્યો હતો.

## ભિલોડા તાલુકામાં બ્રાહ્મણ સમાજની એકતા અને સંગઠન મજબુત બનાવવા બેઠકનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૧૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં અખિલ ભારતીય બ્રાહ્મણ એકતા ચેરીટેબલ ટ્રસ્ટ,ગુજરાત પ્રદેશના અગ્રણી હોદ્દેદારો,સામાજીક કાર્યકરોના માર્ગદર્શન હેઠળ ભિલોડા તાલુકામાં શ્રી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ બારીશી સમાજની એકતા અને સંગઠન મજબુત બનાવવા માટે શ્રી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ બારીશી સમાજવાડી હોલમાં બ્રાહ્મણ સમાજની એકતા અને સંગઠન મજબુત બનાવવા માટે બેઠકનો કાર્યક્રમ યોજાયો.આ પ્રસંગે યોગેશભાઈ આર.ભટ્ટ, પ્રમિતભાઈ ઠાકર,અમિતભાઈ કે.જાની, હરેશભાઈ પંડ્યા, ગુણવંતભાઈ ત્રિવેદી, કમલેશભાઈ મહેતા, પ્રકાશભાઈ ભટ્ટ,રાજેશભાઈ પંડ્યા, હરનાથભાઈ ત્રિવેદી, રમણલાલ ઉપાધ્યાય, રાજેશભાઈ જોષી, હિરેનભાઈ પંડ્યા, જીગરભાઈ ત્રિવેદી, યશભાઈ પંડ્યા,જીતભાઈ ત્રિવેદી સહિત શ્રી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ બારીશી સમાજના અગ્રણીઓ, સામાજીક કાર્યકરો, હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં બ્રાહ્મણ સમાજની એકતા અને સંગઠન મજબુત બનાવવા અને સેવાકીય નાના-મોટા સમાજના કામ કરવા માટે એક બેઠકનો કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા તાલુકામાં બ્રાહ્મણ સમાજમાં આનંદની લાગણી પ્રસરી હતી.

## જિલ્લા શિક્ષણ-તાલીમ ભવન, ગાંધીનગર દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાશે

૨૧મી જુન વિશ્વ યોગ દિવસ નિમિત્તે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર, સેક્ટર ૧૨ દ્વારા સામુહિક યોગનું આયોજન સવારના ૬.૧૫ થી ૭.૩૦ કલાક દરમ્યાન કરવામાં આવ્યું છે. જેમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા જી. સી. ઇ. આર. ટીના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ જોડાશે. આ કાર્યક્રમમાં રસ ધરાવતા વ્યક્તિઓ પણ જોડાઇ શકશે. રસ ધરાવતી વ્યક્તિઓએ મોબાઈલ નંબર ૯૪૨૭૩ ૦૫૭૯૩ પર સંપર્ક કરવા.

## શબ્દાવલી - ૫૭૬૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | ૫ | ૬ | ૭ |
| ■ | ૮ | | ૯ | ■ | ૧૦ | | |
| ■ | ૧૧ | | | ■ | ■ | | ■ |
| ૧૨ | ■ | ■ | ૧૩ | ૧૪ | ૧૫ | ■ | ૧૬ |
| ૧૭ | | | ■ | ૧૮ | | ૧૯ | |
| | ■ | ■ | ૨૦ | | ■ | | ■ |
| ૨૧ | ૨૨ | | ■ | ૨૩ | | | |
| ૨૪ | | ■ | ૨૫ | | ■ | | ■ |

### આડી ચાવી

૧. શિકાર (૩)
૪. આરતી (૪)
૮. તલબ, લત (૩)
૧૦. તલવાર, એક પ્રકારની સુડી (૩)
૧૧. ગ્રામ્ય, ગ્રામીણ (૩)
૧૩. સત્યવાનની પત્ની, સતિ... (૩)
૧૭. આડખીલી, નડતર (૩)
૧૮. શ્વાસવાહિની (૪)
૨૦. દહીં વલોવીને કરાતું પ્રવાહી (૨)
૨૧. ગંગા નદીનું મૂળ (૩)
૨૩. સીડી, દાદરો (૪)
૨૪. અપશબ્દ (૨)
૨૫. દુઃખ-ત્રાસ કે અફસોસનો ઉદ્ગાર (૨)

### ઊભી ચાવી

૨. આકાશમાં ઉડનાર અથવા કામ કરવાની દાનત ના હોય તેવું (૩)
૩. ધારા, સેર (૩)
૫. રચ્યા (૨)
૬. જડ જેવા (૩)
૭. સાપ (૨)
૯. એક જાતનું બળતણ (૩)
૧૨. આકાશમાં રાત્રે દેખાતો નિહારીકાઓનો વિશાળ પટ્ટો(૫)
૧૪. વિશ્વાસ મુકી શકાય તેવું(૫)
૧૫. ૨૯ પછી... આવે (૨)
૧૬. વચમાં કાણા રહે તેવી ગુંથણી કે તેવી બનાવેલ વસ્તુ(૨)
૧૯. તિરસ્કાર, ધૃણા (૪)
૨૨. શેરડીના રસને ઉકાળી બનાવાતું એક ખાદ્ય (૨)

### શબ્દાવલી ૫૭૬૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) કુરુપ (૪) દેહધારી (૭) રૂપાળી (૮) વસ (૯) રળવુ (૧૦) ત્રણ (૧૧) ચણા (૧૨) માણ (૧૩) મમ (૧૪) શુભાશુભ (૧૫) ચિત્કાર (૧૭) કામ (૧૮) શરમ (૧૯) કદ (૨૦) ણફે

**ઊભી ચાવી :-** (૧) કુરુક્ષેત્ર (૨) રૂપા (૩) પળી (૪) દેવળ (૫) હસવું (૬) રીસામણા (૯) રમણભમણ (૧૧) ચમત્કાર (૧૨) માશુકા (૧૨) માચિશ (૧૪) શુલ્લક (૧૬) રમત

## સીબીઆઈના દરોડા

● અનુસંધાન પહેલાનું ચાલુ

દાખલ કરવામાં આવી હતી. નોંધનીય છે કે, શંકરસિંહ વાઘેલા ૨૦૦૪થી ૨૦૦૯ દરમિયાનના ગાળામાં કેન્દ્રની મનમોહનસિંહ સરકાર ટેક્સટાઈલ પ્રધાન હતા તે ગાળામાં ૧૭૦૦ કરોડ રૂપિયાનું કૌભાંડ સપાટી ઉપર આવ્યું હતું. દરોડાની કાર્યવાહી શરૂ થયા બાદ સમાચાર આગની જેમ ફેલાતા કોંગ્રેસી કાર્યકરોમાં ઉત્તેજના ફેલાઈ ગઈ હતી. સાથે સાથે પત્રકારો અને સમર્થકો પણ એકત્રિત થવા લાગી ગયા હતા. નેશનલ ટેક્સટાઇલ કોર્પોરેશનના તત્કાલિન ચેરમેન-મેનેજિંગ ડિરેક્ટર સહિત છ લોકો સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. મુંબઈમાં પ્રાઈમ પ્રોપર્ટીમાં વેચાણ માટે નેશનલ ટેક્સટાઈલ કોર્પોરેશનના તત્કાલિન મેનેજિંગ ડિરેક્ટરની ભૂમિકામાં પણ તપાસ થઈ રહી છે. ખાનગી કંપનીને સંપત્તિ ઓછી કિંમતે વેચી દેવામાં આવી હતી. વાઘેલા, એનટીસીના પૂર્વ સીએમડી રામચંદ્રન પિલ્લાઈ અને અન્ય સામે પારેલમાં એનટીસી જમીનના વેચાણથી તિજોરીને ૧૭૦૦ કરોડનું નુકસાન થયું હતું. આ બદલ એફઆઈઆર દાખલ કરાઈ છે. એફઆઈઆર દાખલ કરાયા બાદ દરોડાની કાર્યવાહી શરૂ થઈ હતી. નવી દિલ્હી, ગાંધીનગર અને મુંબઈ તેમજ કોલકાતામાં નવ સ્થળોએ તપાસ થઇ હતી. વાઘેલા અને અન્યોના નિવાસ સ્થાન ખાતે પણ તપાસ કરી હતી. આ મામલામાં એક વર્ષથી તપાસ ચાલી રહી હતી. વાઘેલા કોંગ્રેસના વરિષ્ઠ નેતા છે અને ગુજરાત વિધાનસભામાં વિપક્ષના નેતા તરીકે છે.

## રાજકીય કિન્નાખોરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૦૦૯ દરમિયાન શંકરસિં વાઘેલા જ્યારે મંત્રી હતા ત્યારે એન ટી સી હસ્તકની મુંબઈની મિલની મોંઘી જમીન સસ્તામાં વેંચી ૧૮૦૦ કરોડના ગોટાળા અંગે સીબીઆઈએ શંકરસિંહ વાઘેલા તથા એનટીસીના પૂર્વ ચેરમેન રામચંદ્ર વિલ્લઈ સામે એફઆઈઆર દાખલ કરી તપાસ હાથ ધરી છે.આ સંદર્ભમાં સીબીઆઈએ આજે ગાંધીનગર ખાતે શંકરસિંહ વાઘેલાના નિવાસ સ્થાન સહિત મુંબઈ, દિલ્હી અને કલકતાની એનટીસી કચેરી પર વહેલી સવારે છ વાગે સર્ચ હાથ ધરી મહત્વના દસ્તાવેજો કબ્જે લેવાની કામગીરી હાથ ધરી હતી સીબીઆઈએ કુલ સાત વિરુધ્ધ એફઆઈઆર દાખલ કરી નવ સ્થળોએ તપાસ હાથ ધરી હતી. તાબડતોબ બોલાબોલી એક શંકરસિંહ વાઘેલાએ આ અંગે પત્રકાર પરિષદમાં પોતાનો પક્ષ રજુ કરતા જણાવ્યું હતું કે સવારે છ વાગ્યે મારા નિવાસ સ્થાને સીબીઆઈના અધિકારીઓ સર્ચ વોરંટ લઈને આવ્યા હતા.અને તપાસની કામગીરી શરુ કરી હતી. જેમાં મે સંપૂર્ણ સહયોગ આપ્યો હતો. મારા નિવાસ સ્થાનેથી કોઈ વાંધોજનક દસ્તાવેજ કે ચીજવસ્તુઓ સીબીઆઈને મળી નથી અને સાંજે પાં વાગે આ પ્રક્રિય પૂર્ણ થઈ હતી. ભારે કિન્નાખોરી વલણ ધરાવતા ભાજપની ટોચની નેતાગીરીના ઈશારે સીબીઆઈ દ્વારા આ તપાસ હાથ ધરવામાં આવી હતી. જેથી સુષ્મા સ્વરાજ અને વસુધરા રાજેના પ્રકરણથી લોકોનું ધ્યાન અન્ય ખેસી શકાય તેમણે એવો પણ આક્ષેપ કર્યા હતો કે સવાર છ થી સાંજના પાંચ દરમિયાન જ્યાં સુધી આ તપાસની કામગીરી ચાલી ત્યારે દર દસ અને પંદર મીનિટે સીબીઆઈ અધિકારી ઉપર રહમસ્ય ફોન આવતા હતા અને શું શું મળ્યું દસ્તાવેજ, રોકડા, સોના ચાંદીના ધરેણા વગેરે અંગે સતત પૃચ્છા કરનારે તબક્કે નિવાસ સ્થાનથી કોઈ બાંધાજનક કરી શકાય તેની ચીજવસ્તુ કે દસ્તાવેજ સીબીઆઈને મળ્યા હતા. તેમણે સીબીઆઈની આ તપાસ રાજકીય ઈશારાથી પ્રેરિત હોવાનાં આક્ષેપ આગળ વધારતા કહ્યું કે અગામી ઓકટોબરમાં આવી રહેલી સ્થાનિક ચૂંટણીઓમાં પરાજય થવાનો ડર ભાજપને સતાવી રહ્યો છે. એટલે કોંગ્રેસના કાર્યકરોમાં ભય ફેલાવવા માટે સીબીઆઈ તપાસનો આ ષડતંત્રનું પ્રજા સારી રીતે જવાબઆપશે અને ભાજપને સમગ્ર દેશમાંથી હવે હાકી કાઢવાની શરૂઆત ગુજરાતથી જ થશે તે પણ નિશ્ચિત છે.

## સસ્તા દરે શાકભાજી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દ્વારા ઉત્પાદિત શાકભાજીનું હોલસેલમાં વેચાણ મણના ભાવે એટલે કે ૨૦ રૂ. કિલોના ભાવે કરવામાં આવે છે. ૧૨૦ રૂ.થી લઈને ૫૦૦ રૂ. મણના ભાવે વેચાતી વિવિધ શાકભાજી રીટેલ માર્કેટમાં ૩૦-૪૦ રૂ. કિલોના ભાવે મળે છે. વચેટીયાઓ ખેડૂતો પાસેથી ખુબ સસ્તા દરે શાકભાજી ખરીદે છે અને ૬૦-૭૦ ટકા જેટલો નફો લઈ ગ્રાહકોને મોંઘી શાકભાજીનું વેચાણ કરે છે. વળી આપણે ત્યાં તો એરીયા પ્રમાણે વેપારીઓ ગ્રાહકો પાસેથી પૈસા પડાવે છે.

ઉદ્ગમ સ્ટ્રસ્ટના સ્વયંસેવકોએ શહેરની ઝુંપડપટ્ટીમાં રહેતા પરિવારોનો અભ્યાસ કર્યો ત્યારે એ વાત સામે આવી કે શાકભાજી ખુબ મોંઘા હોવાથી તેઓ તેની ખરીદી કરી શકતા નથી અને તેનો ખોરાકમાં સમાવેશ થતો નથી. મધ્યમ વર્ગની હાલત તો આનાથી પણ વધુ ખરાબ છે. તેઓને ભોજનમાં શાકભાજી તો અચુક જોઈએ જ. ઉનાળામાં અને ચોમાસાની સીઝનમાં જ્યારે શાકભાજીની બજારમાં આવક ઓછી હોય છે ત્યારે તેના ભાવો એટલા બધા ઉંચે પહોંચી જાય છે કે ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ જાય. ગૃહિણીઓને ઉંચા ભાવે શાકભાજી ન ખરીદવી પડે અને ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળે તે માટે ઉદ્ગમ ટ્રસ્ટ ખેડૂતો પાસેથી હોલસેલ ભાવે વિવિધ શાકભાજીની ખરીદી કરશે. અને દર રવિવારે સવારે ૯ થી ૧૧.૩૦ સુધી સેક્ટર-૮-સી, પ્લોટ નં. ૮૧૮ ખાતે તેનું વેચાણ કરશે. જો ગ્રાહકોને આ નવીન વિચાર ગમશે અને શાકભાજીની માંગ વધશે તો દરરોજ સસ્તા દરે શાકભાજીનું વેચાણ શક્ય બનશે. એડવાન્સમાં પણ શાકભાજીના ઓર્ડર નોંધાવી શકાશે.

## વિકાસ કામો સંપન્ન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રાથમિક-માધ્યમિક શાળાના મકાનો, નવા ઓરડાઓના બાંધકામ, પાણી પુરવઠા અંતર્ગત ભુગર્ભ પાણીની ટાંકી, સ્ટ્રોમ વોટર ડ્રેનેજ, કેનાલ પમ્પીંગ સ્ટેશન, નવા બોર બનાવવાના કામો, ભૂગર્ભ ગટર યોજના, ૬૬ કે.વી. સબ સ્ટેશન, પશુ દવાખાના, હેલ્થ એન્ડ એજ્યુકેશન સેન્ટર સહિતની સુવિધાના વિવિધ વિકાસના કામો હાથ ધરવામાં આવ્યા હતાં. લોકાર્પમના કાર્યક્રમો નાના ગામથી માંડીને મોટા શહેરોમાં યોજાય છે. અને આ કાર્યક્રમ દરમ્યાન મંત્રીશ્રીઓ-હોદ્દેદારો સ્થાનિક પ્રશ્નોનું નિરાકરણ કરવા અને વહિવટી ગતિશીલતા લાવવા કાર્યકરો અને અધિકારીઓ સાથે સતત સંકલન પણ કરે છે જેથી લોકજરૂરીયાતના કામો વધુ ઝડપી બને.

## જોમ મારી સાથે છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઠાકર, પ્રદેશ પ્રવક્તા અને મહામંત્રી શ્રી નિતીન વ્યાસ, વિક્રમસિંહ ખાચર, ધારાસભ્યો શ્રી અમીત ચૌધરી, શ્રી બળદેવભાઈ ઠાકોર, શ્રીમતી કામીનીબા રાઠોડ, જિલ્લા પંચાયત કોંગ્રેસ પક્ષના શ્રી વિરેન્દ્રસિંહ વાઘેલા, શ્રી અજીતસિંહ રાઠોડ, શ્રી અરવિંદસિંહ સોલંકી, શહેર પ્રમુખ શ્રી મુકેશ પટેલ, કાઉન્સીલરો શ્રી ચીમનભાઈ વિંઝુડા, શ્રી હર્ષજીત પંડ્યા, શ્રી પ્રવિણભાઈ પટેલ, શ્રી અશ્વિન વ્યાસ, શ્રી અશોક શ્રીમાળી સહિતના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.


## જાહેર હરાજી : બીજી તક

સરકારી વાહન વ્યવહાર સેવાની કચેરી, સેક્ટર નં. ૩૦, ગાંધીનગર ખાતે મારૂતિ એસ્ટીમ-૧, મોડલ ૨૦૦૨ની જાહેર હરાજી તા. ૨૯/૬/૨૦૧૫ના રોજ સવારે ૯-૦૦ કલાકે રાખેલ છે. ડિપોઝીટની રકમ રૂ. ૨,૦૦૦/- છે. હરાજીની અન્ય શરતો હરાજી શરૂ કરતા અગાઉ વાંચી સંભળાવવામાં આવશે.

સહી/-

માહિતી/૬૭૪/૨૦૧૫-૧૬ મેનેજર, જીટીએસ, ગાંધીનગર

## ટેન્ડર નોટીસ

જિલ્લા રમત ગમત અધિકારી, ગાંધીનગર દ્વારા સને ૨૦૧૫-૧૬ના વર્ષ દરમિયાન યોજાનાર વિવિધ રમત ગમત સ્પર્ધાઓ / સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેનાર યુવકો / ખેલાડીઓ / પંચો / મેનેજરો / વ્યવસ્થાપકો માટે જિલ્લામાં જે સ્થળે સ્પર્ધા / કાર્યક્રમ યોજાય ત્યાં ભોજન, ગણવેશ, મંડપ, રમતના સાધનોનું કામ કરી આપવાનું થાય છે. તો રસ ધરાવતા ઈસમો / પાર્ટીએ આ અંગેના ટેન્ડર ફોર્મ અને શરતો આ કચેરીએથી તા. ૨૦/૬/૨૦૧૫ સુધીમાં કચેરી સમય દરમિયાન મેળવી તા. ૨૨/૬/૨૦૧૫ સુધીમાં બંધ કવરમાં ભાવપત્રકો જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, ૧૯૦/૨, ગ-ટાઈપ, સેક્ટર-૩૦, ગાંધીનગરને સાંજે ૫-૦૦ કલાક સુધીમાં પહોંચતા કરવાના રહેશે. સમય મર્યાદા બાદ આવેલ ફોર્મ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

તા. ૧૭/૬/૨૦૧૫ (સોનલ ચાવડા)
જિલ્લા રમત ગમત અધિકારી
ગાંધીનગર

## જાહેર નિવિદા

**કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પુરી પાડવા અંગે**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર હસ્તકની ગાંધીનગર ખાતેની નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતાની કચેરીમાં વહીવટી કામગીરી સરળતાથી કરવા માટે જરૂરી એવી સર્વ આનુષાંગિક સેવાઓ - સફાઈ કામ અને સ્વચ્છતા જાળવણીની સેવા પુરી પાડવા અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ફોર્મ મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧.૦૦થી ૧૭.૦૦ કલાક વચ્ચે તા. ૨૪/૬/૨૦૧૫ સુધીમાં નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં. ૪, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતેથી મેળવી અરજી સાથે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર કચેરીના નામનો રૂ. ૧૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહીં ચૂકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ સ્થાનિક સ્થળ પરિસ્થિતિની જાણ તથા કામનો પ્રકાર, જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ ભાવપત્રક રજૂ કરવાનું રહેશે.

આ કામ અંગે પ્રીબીડ મીટીંગ તા. ૨૬/૬/૨૦૧૫ના રોજ ૧૫.૦૦ કલાકે નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં. ૪, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર કચેરી ખાતે રાખેલ છે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત અધિકારીને તા. ૩૦/૬/૨૦૧૫ના રોજ ૧૭.૦૦ કલાક સુધીમાં ફક્ત રજી.પો.એ.ડી.થી મળી જાય તેમ મોકલવાના રહેશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતોવખતના હુકમો બંધનકર્તા રહેશે.

**સ્થળ : ગાંધીનગર** **સહી/-**
**તારીખ : ૧૬/૬/૨૦૧૫** **(કે. જી. વણઝારા)**
**નિયામક, વિકસતી જાતિ કલ્યાણ**
**માહિતી/૬૭૭/૨૦૧૫-૧૬** **ગુ.રા., ગાંધીનગર**